પોલીસઇન્સ્પેકટરનીકચેરી
નારોલપોલીસસ્ટેશનઅમદાવાદશહેર
ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪E-polstn-narol-ahd @gujarat.gov.in
પોલીસકંટ્રોલરૂમટેલીફોનનંબર–૦૭૯-૨૫૬૨૭૫૧૦

---

# પ્રેસનોટ

## ભારતીય બનાવટવા વિદેશી દારૂની સીલ બંધ બોટલ નંગ-૧૨ કિ.રૂ ૩૮૪૦/- ની મત્તાનો મુદ્દામાલ પકડી પ્રોહિબીશનનો કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તેમજ ના.પો.કમિ.શ્રી,ઝોન-૬ સાહેબ તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન અમદાવાદ શહેર નાઓની પ્રોહિબીશનની પ્રવુતિ નેસ્ત નાબુદ કરવાની સુચના આધારે નારોલ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓ ના માર્ગદર્શન હેઠળ આજ રોજ પ્રો.પો.સ.ઇ એસ.એ.કુલધારા તથા બીજા સ્ટાફના માણસો નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૦૨/૪૦ વાગ્યે શાહવાડી ગામના નાકે આવતા પ્રો.પો.સ.ઇ એસ.એ.કુલધારાનાઓને ખાનગી બાતમી હકીકત મળેલ કે શાહવાડી પટેલ વાસમાં રહેતા રાવતારામ નાઇ તેની પાસે ગેરકાયદેસરનો પ્રોહીનો જથ્થો રાખી પટેલ વાસ થી નીકળી શાહવાડી ગામ થઇ નારોલ ગામ તરફ વેચાણ કરવા જવાનો છે જે હકીકત આધારે સદરી ઇસમની વોચમા રહી જડતી તપાસ કરવાની હોય આપ સાહેબે પો.સ્ટે નાઇટ ડ્યુટીમાં હાજર પો.કો વિજયસિંહ લાખુભા બ.નં- ૬૧૭૯ તથા રોહિતસિંહ રામસંગજી બ.નં ૧૨૫૨૬ તથા પો.કો રાજદિપસિંહ દીવાનભા બ.નં ૧૮૭ તથા તથા પો.કો. રાજેંન્દ્રસિંહ દીલીપસિંહ બ.નં-૧૨૯૯૪ તથા પો.કો જયરાજસિંહ મહિપતસિંહ બ.નં ૧૩૦૨૮ નાઓને શાહવાડી ગામ ના નાકે બોલાવી બાતમી હકીકત વાળા ઇસમની વોચમા રહી પકડાયેલ ઇસમ નું નામ ઠામપુછતા પોતે પોતાનું નામ રાવતારામ સ/ઓ સોનારામ જાતે-નાઇ ઉ.વ.૨૧ રહે-પટેલ વાસ દીનેશભાઇ ભરવાડના મકાનમાં શાહવાડી નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ ઇસરોલ તા.ચોહટન જી.બાડમેર (રાજસ્થાન) નાનો હોવાનું જણાવેલ બાદ સદરી ઇસમની ઝડતી તપાસ કરતા તેની પાસેનો થેલો જોતા એક મહક સિલ્વર પાન મસાલા લખેલ થેલો હોય જે સદરી થેલાની ચેન ખોલી તેમાં જોતા ભારતીય બનાવટનો વિદેશી દારૂ ની સિલબંધ બોટલો મળી આવેલ જે જોતા તેના પેટાળના ભાગે અંગ્રેજીમાં Officers choice prestige whisky FOR SELL IN MADHYAPRADESH ONLY LIC નં.10016026000860 તથા 10014022002803 નો છે. જે 750 મીલી કાચની સીલબંધ ૧૨ બોટલ છે જે એક બોટલની કિ.રૂ ૩૨૦/- રૂ. લેખે મળી આવેલ ૧૨ બોટલની કિ.રૂ ૩૮૪૦/- તથા સદરી ઇસમની અંગ ઝડતી તપાસ કરતા શર્ટના ઉપરના ખિસ્સા માથી એક સેમસંગ કંપનીનો કાળા કલરનો મોબાઇલ મળી આવેલ જેની કિ.રૂ ૫૦૦/-ગણી કુલ્લે મુદ્દામાલ રૂ.૪૩૪૦/- ની મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરીઆરોપી વિરૂદ્ધ નારોલ પો.સ્ટે પ્રોહિ.ગુ.ર.નં ૫૩૦૨/ ૧૯ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)બી,૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧ મુજબ નો ગુનો રજીસ્ટર કરી પ્રોહિબીશનનો કેસ શોધી પ્રસંશનીય કામગીરી કરેલ છે.